ભેસ્તાનમાં બાંધકામ સાઇટ પર બે વર્ષીય બાળકીનું પટકાતાં મોત

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના વતની રાજુભાઈ પવાર હાલ ગોડાદરા નજીક આવેલા દેવધ ગામમાં પરિવાર સાથે રહે છે. તેઓ કડિયાકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે, જ્યારે તેમનાં પત્ની પણ મજૂરીકામ કરીને આર્થિક રીતે સહયોગ આપે છે. બુધવારે દંપતી મજૂરીકામ માટે ભેસ્તાન આવાસ પાસે નવી બની રહેલી સાંઈ પવિત્ર રેસિડેન્સીમાં ગયાં હતાં. બપોરના સમયે તેમની બે વર્ષની પુત્રી રક્ષા રમતી રમતી અચાનક બીજા માળેથી નીચે પટકાઈ હતી. ગંભીર ઈજાઓ પહોંચતાં બાળકીને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જોકે, તબીબોની સારવાર દરમિયાન રાત્રે બાળકીનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે ડિંડોલી પોલીસના હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

ભેસ્તાનમાં મોપેડચાલકે અડફેટે લેતાં યુવકનું મોત

સુરતઃ ભેસ્તાનમાં નોકરી પરથી ઘરે આવતા યુવકની મોપેડને વાહન ચાલકે અડફેટે લેતા મોત થયું હતું. મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ ભેસ્તાન વિસ્તારમાં આવેલ સત્યનારાયણનગરમાં 27 વર્ષીય અમરનાથ શ્રીચંદ્રશેખર ચોરસિયા પરિવાર સાથે રહેતો હતો અને મીલમાં નોકરી કરીને એક પુત્રી સહિતના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. મંગળવારે રાતે તે મોપેડ લઈને નોકરી પરથી ઘરે આવી રહ્યો હતો. ત્યાર આશીર્વાદ ઈન્ડસ્ટ્રીઝ પાસેથી પસાર થતી વખતે અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેથી તેને સારવાર માટે 108 એમ્બ્યુલન્સ મારફતે નવી સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. જ્યાં તેનું મોત નિપજ્યું હતું.

પાંડેસરામાં રિક્ષાચાલકે અડફેટે લેતાં આધેડનું મોત

સુરતઃ મૂળ ઓરિસ્સાના વતની અને હાલ પાંડેસરા બમરોલી રોડ પર જયઅંબે નગરમાં રહેતા 48 વર્ષીય સનાતન ગંગાધર ભુઇયા સંચા ખાતામાં કામ કરી પત્નિ અને બે પુત્ર સહિતના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. મંગળવારે રાતે પત્ની જ્યોશના સાથે ઘર પાસે શાકભાજી લઈ પતિ પત્ની બંને ચાલતા ચાલતા ઘરે આવી રહ્યા હતા. ત્યારે ખાડી બ્રિજ પાસે રીક્ષાચાલકે અડફેટે લીધા હતા. જેને પગલે સનાતનને ઇજા પહોંચતા સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં તેનું ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું હતું.

પાણીની ડોલમાં પડી જતા 16 મહિનાના માસૂમનું મોત

સુરતઃ મૂળ બિહારના વતની મિતેશભાઈ યાદવ ઊન પાટિયા સ્થિત રાહત કોલોનીમાં બે પુત્રો સહિત પરિવાર સાથે રહે છે. ગુરુવારે રાત્રે મિતેશભાઈ કામ અર્થે બહાર ગયા હતા. દરમિયાન તેમનાં પત્ની નેહાકુમારી પાંચ મહિનાના બાળકને તેલ માલિશ કરી રહ્યાં હતાં. ત્યારે તેમનો 16 મહિનાનો મોટો પુત્ર સુપ્રીત રમતા-રમતા બાથરૂમ પાસે પહોંચી ગયો હતો અને ત્યાં પાણી ભરેલી ડોલમાં પડી ગયો હતો. થોડા સમય બાદ નેહાકુમારી બાથરૂમ પાસે પહોંચ્યાં ત્યારે પુત્ર ડોલમાં પડેલો હોવાની જાણ થઈ હતી. જેથી પરિવારજનો તાત્કાલિક સુપ્રીતને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ દોડી આવ્યા હતા. જોકે, ફરજ પરના તબીબે તપાસી તેને મૃત જાહેર કર્યો હતો.

ગૌરવપથ રોડ પર બોક્સ ક્રિકેટ રમતા યુવકનું બેભાન થઈ જતાં મોત

સુરતઃ ઉમરા અંબિકા નિકેતન મંદિર પાસે આવેલી બજરંગ ગલીમાં ખાન સાહેબની વાડીમાં રહેતા 33 વર્ષીય સંદીપ ધનસુખ નાયકા ખાનગી કંપનીમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. સોમવારે મોડી રાત્રે તેઓ મિત્રો સાથે પાલ ગૌરવપથ રોડ પર બોક્સ ક્રિકેટ રમવા ગયા હતા. દરમિયાન ક્રિકેટ રમતી વખતે અચાનક બેભાન થઈ ઢળી પડ્યા હતા. જેથી મિત્રો તાત્કાલિક તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જોકે, ફરજ પરના તબીબે તપાસી તેમને મૃત જાહેર કર્યા હતા. યુવકના અચાનક મોતથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

4 દિવસમાં 155 આગના બનાવો

ફટાકડાના તણખાથી વિવિધ સ્થળોએ આગ, પોલીસ જપ્ત કરેલી ૨૬ ગાડીઓ બળીને ખાખ

હાઈરાઈઝ બિલ્ડિંગ, ગોડાઉન અને ખુલ્લા ખેતરોમાં આગના બનાવોથી ફાયર વિભાગ દોડતું રહ્યું

સુરતઃ સુરત શહેરમાં છેલ્લા ચાર દિવસમાં દિવાળી પર્વની ઉજવણીમાં ફટાકડાના તણખાના લીધે બિલ્ડિંગમાં, વાહનો તથા કચરો, ખેતર સહિતના સ્થળે આગ લાગી હતી. જેમાં સુરતના વરાછા રોડ સ્થિત રેલવે પોલીસ લાઈન કેમ્પસમાં ફટાકડાના લીધે ઝાડમાં લાગેલી આગે ક્ષણવારમાં જ વિકરાળ રૂપ ધારણ કરતાં પોલીસે જપ્ત કરેલા 26 જેટલી ટુ વ્હિલરને નુકસાન થયું હતું.

નોધનીય છે કે, વરાછા રોડ પર પોદ્દાર આર્કેડની બાજુમાં આવેલી રેલવે પોલીસ લાઈન કેમ્પસમાં એક ઝાડમાં અચાનક આગ લાગી હતી. ઝાડની આસપાસ પોલીસ દ્વારા અલગ-અલગ ગુનાઓમાં જપ્ત કરાયેલી જૂની તથા બંધ હાલતની કુલ 42 જેટલી મુદ્દામાલની ગાડીઓ પાર્ક કરેલી હતી. ગત તા. 10મીએ રાત્રે સૂકા ઝાડમાં ફટાકડાના લીધે આગ ઝડપથી પ્રસરી ગઈ હતી અને પાર્ક કરેલા વાહનોને લપેટમાં લઈ લીધા હતા. આગ એટલી તીવ્ર હતી કે જોતજોતામાં 26 જેટલી ગાડીઓ આગની લપેટમાં આવી ગયા હતા. કોલ મળતા ફાયર ઓફિસર અને તેમની ટીમે વોટર ટેન્કર સહિતના સંશાધનો સાથે ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી દોઢ કલાકે આગ પર કાબુ મેળવ્યો હતો અન્ય વાહનો બચી ગયા હતા અને મોટી હોનારત ટળી હતી.

પાંડેસરામાં લેબર કોલોનીમાં ફટાકડાના લીધે ઝૂંપડામાં આગ ભડકી

પાંડેસરામાં પોલીસ લાઈન પાસે લેબર કોલોનીમાં ગત તારીખ 9મી એમ રાત્રે ફટાકડાના લીધે એક ઝૂંપડામાં આગ ભડકી ઊઠી હતી. જોતજોતા આગ ફેલાતા અન્ય ચારથી પાંચ ઝૂંપડા લપેટમાં આવી ગયા હતા. આ અંગે ફાયર બ્રિગેડને જાણ થતા ત્યાં પહોંચી પાણીનો છંટકાવ કરી અડધો કલાકમાં આગ બુઝાવી હતી. જેથી અન્ય ઝૂંપડાઓ બચી ગયા હતા. આગના લીધે પાંચ ઝૂંપડામાં નુકસાન થયું હતું. પાર્લે પોઇન્ટ શોપિંગ સેન્ટર નજીકની સોસાયટીમાં પાર્ક કરેલી કારમાં ફટાકડાના લીધે આગ લાગી હતી. અડાજણ પાલ રોડ ઉપર નિશાંત સર્કલ પાસે ભાગ્યરત્ન રેસીડેન્સી સાતમાં માળે ગેલેરીમાં ફટાકડાના લીધે આગ ભડકી ઊઠી હતી. આ ઉપરાંત કચરો સહિતના 80 થી વધુ જગ્યાએ ફટાકડાના લીધે આગ લાગી હતી. જોકે સદનસીબે આ તમામ ફાયરના કોલમાં કોઈ ઈજા કે જાનહાનિ થઈ નહીં હોવાનું ફાયર ઓફિસરે જણાવ્યું હતું.

સિંગણપોરમાં સાડીના સ્ટોન અને મટીરીયલ્સના ગોડાઉનમાં આગ લાગતા થઈ દોડધામ

ફાયર બ્રિગેડ પાસેથી મળેલી વિગત મુજબ સિંગણપોર ચાર રસ્તા પાસે રાધાસ્વામી સોસાયટીમાં પતરાના શેડમાં બનાવેલા મકાનમાં સાડીમાં ચોંટાડવાના સ્ટોન, ચાઈનીઝ મટીરીયલ, પ્લાસ્ટિકના બેન્સનો જથ્થો મુકવામાં આવ્યો છે. જોકે આ ગોડાઉનમાં ગુરુવારે મોડી રાત્રે ઇલેક્ટ્રીક શોર્ટ સર્કિટ થતા આગ ફાટી નીકળી હતી. જોકે પ્લાસ્ટિકના લીધે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ધુમાડાના ગોટે ગોટા નીકળવા માંડ્યા હતા. જેને લીધે સોસાયટીમાં રહેતા લોકોમાં ભય ફેલાતા નાસભાગ થઈ જવા પામી હતી. કોલ મળતા ફાયર લશ્કરોનો કાફલો ઘટના સ્થળે પહોંચી પાણીનો છંટકાવ કરતા પોણા કલાકમાં આગ પર કાબુ મેળવ્યો હતો. જેના લીધે આજુબાજુના મકાનોને બચાવી લીધા હતા. આગના લીધે સાડી પર ચોટાવવાના સ્ટોન, મટીરીયલ્સ, વાયરીંગ, પંખા સહિતના માલ સામાન્ય નુકસાન થયું હતું. આ બનાવમાં કોઈ ઈજા કે જાનહાનિ થઈ નહીં હોવાની ફાયર ઓફિસરે જણાવ્યું હતું.

સુરત શહેરમાં ચાર દિવસમાં આગના 155થી વધુ કોલ ફાયર બ્રિગેડને મળ્યાં

ફાયર બ્રિગેડ પાસેથી પ્રાપ્ત મુજબ દિવાળી બાદ છેલ્લા ચાર દિવસમાં સુરત શહેરમાં 155 થી વધુ કોલ ફાયર કંટ્રોલમાં આવતા સ્ટાફ દ્વારા સતત કામગીરીમાં વ્યસ્ત રહ્યા હતા. જેમાં ગત તા. 10મીએ 80 કોલ પૈકી 60 જેટલા કચરાના, તા. 11 મી એ 41 કોલ પૈકી 25 કચરાના, તા. 12મી એ 24 કોલ પૈકી 15 કચરાના અને તા. 13મીએ 10 કોલ પૈકી ત્રણ કચરાના આવ્યા હતા. જોકે વધુ 100 થી વધુ ખુલ્લા પ્લોટ, ઝાડી-ઝાંખરા અને ક્યરાના ઢગલામાં તથા ખેતરમાં આગ લાગી હતી. કોલ મળતા વિવિધ ફાયર સ્ટેશન ફાયર ઓફિસર અને લાશ્કરોની ટીમો આખી રાત કામગીરી માટે દોડતી રહી હતી.

કતારગામમાં દોડતી કારમાં અચાનક આગ ભભૂકી, ચારનો બચાવ



■ શહેરના કતારગામ વિસ્તારમાં પીપલ્સ ચાર રસ્તા પાસે શુક્રવારે રસ્તા પર દોડી રહેલી એક કારમાં અચાનક આગ ભભૂકી ઊઠતાં અફરાતફરી મચી ગઈ હતી. કારમાં એક જ પરિવારના ચાર સભ્યો સવાર હતા. આગ લાગતાં જ તમામ સભ્યો સમયસૂચકતા વાપરીને કારમાંથી બહાર નીકળી ગયા હતા, જેના કારણે દોઢ વર્ષના બાળક સહિત ચારેયનો આબાદ બચાવ થયો હતો. ફાયરની ટીમે ગણતરીની મિનિટોમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો. જ્યારે વેસુ કેનાલ રોડ ઉપર વહેલી સવારે પાર્ક કરેલી કારમાં તેમજ ડભોલી શ્રી સોસાયટીમાં પાર્ક કરેલી ઈવી કાર સળગી ઊઠી હતી. આ ઉપરાંત ગત સોમવારે રાત્રે પાર્લે પોઇન્ટ પંચવટી સોસાયટી પાસે ફટાકટાનો તણખો પડવાથી કારમાં આગ લાગી હતી. જો કે આ તમામ ઘટનાઓમાં સદનસીબે જાનહાનિ ટળી હતી.

આભવા ચોકી પાસે આગ લાગતા 10થી 15 ઝૂંપડા બળીને ખાખ

સુરત : આભવા ચોકી પહેલા કિન્નર ડેરીની બાજુમાં આવેલા ઝૂંપડામાં અગાઉ કેબલમાં લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના કારણે આ વિસ્તારમાં આવેલા આશરે 10 થી 15 જેટલા ઝૂંપડાઓ આગની લપેટમાં આવીને સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા હતા. ઘટનાની ગંભીરતા જોતા ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને ભારે જહેમત બાદ બપોરે 4:40 વાગ્યે આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. આ દુર્ઘટનામાં વેસુ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અને એસ.ઓ. સહિતનો કાફલો દોડી આવ્યોરહ્યો હતો. સદનસીબે આગમાં કોઈ મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ ગરીબો ઘરવખરી અને ઝૂંપડા ખાખ થઈ ગયા હતા.

દિવાળીની ખુશીઓ માતમમાં ફેરવાઈ, કાયદો-વ્યવસ્થા સામે સવાલો

સુરતમાં પર્વના ૫ દિવસમાં હત્યાના ૬ બનાવથી શહેર રક્તરંજિત થયું

ઘાસ કાપવા, આડા સંબંધો, રસોઈ, ટ્રાફિકની બોલાચાલી અને નજીવી અદાવતમાં લોહિયાળ ખેલ

ડિંડોલી, લસકાણા, ઇચ્છાપોર અને અશ્વિનીકુમાર વિસ્તારમાં હત્યાની ઘટનાઓથી પોલીસ દોડતી થઈ

સુરત : સુરતમાં દિવાળીના તહેવાર દરમિયાન ખુશી અને ઉજવણીના માહોલ વચ્ચે ગુનાખોરીએ ચિંતાજનક સ્વરૂપ ધારણ કર્યું છે. દિવાળીના પાંચ દિવસમાં હત્યાના છ બનાવો સામે આવતાં શહેર રક્તરંજિત બન્યું છે. ચોંકાવનારી બાબત એ છે કે આ હત્યાઓ પાછળના કારણો પણ સામાન્ય બોલાચાલીથી લઈને અંગત અદાવત અને કૌટુંબિક સંબંધો સુધીનાં છે. ક્યાંક ઘાસ કાપવા જેવી સામાન્ય બાબતમાં યુવકને અપહરણ કરી થાંભલા સાથે બાંધી ઢોર માર મારી મોતને ઘાટ ઉતારાયો, તો ક્યાંક આડા સંબંધોમાં પતિની હત્યાનું કાવતરું રચાયું હતું. જમવાનું સારું નહીં બનાવવાની બાબતે રૂમમેટે મિત્રની ગળું દબાવી હત્યા કરી, જ્યારે વાહન ચલાવવા બાબતે થયેલી જૂની બોલાચાલીની અદાવતમાં યુવકને છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારાયો હતો. આ ઉપરાંત દિવાળીની શરૂઆતમાં ખટોદરા અને લિંબાયત વિસ્તારમાં પણ હત્યાના બે બનાવો બનતાં શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઊભા થયા છે. એક પછી એક હત્યાના બનાવોએ તહેવારની ખુશીઓ વચ્ચે ભય અને ચિંતાનું વાતાવરણ ઊભું કર્યું છે.

ઘાસ કાપવાની બાબતમાં યુવકનું અપહરણ-હત્યા

ડિંડોલીના સણિયા કણદે ગામના ક્રિષ્ના સેવન સ્ટાર પાર્ટી પ્લોટમાં ઘાસ કાપવા જેવી સામાન્ય બાબતમાં ચોરીની શંકા રાખી છ શખ્સોએ બે યુવકોનું અપહરણ કર્યું હતું. બંનેને કરાડવા ગામના રાધેક્રિષ્ના પાર્ટી પ્લોટમાં લઈ જઈ ડોમના થાંભલા સાથે બાંધી લાકડાના ફટકા અને ઇલેક્ટ્રિક વાયરથી બેરહેમીપૂર્વક માર મારવામાં આવ્યો હતો. આ હુમલામાં અનિલભાઈ ભીખુભાઈ રાઠોડનું મોત નીપજ્યું હતું, જ્યારે નિલેશ ઉર્ફે ગોપાલ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયો હતો. બનાવમાં ડિંડોલી પોલીસે ગણતરીના કલાકોમાં ઉત્તરપ્રદેશના મૂળ વતની છ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

આડા સંબંધોમાં દિયર-ભાભીએ પતિની હત્યાનું કાવતરું ઘડ્યું

લસકાણા BRTS બસ સ્ટેન્ડ પાસે અમરબાબુ મુલચંદ નિષાદનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી હતી. દોરી કે વાયર વડે ગળું દબાવી તેની હત્યા કરવામાં આવી હોવાનું પોસ્ટમોર્ટમમાં બહાર આવ્યું હતું. પોલીસ તપાસમાં મૃતકની પત્ની રીનાદેવી અને તેના સગા દિયર શિવા ઉર્ફે શિવબાબુ વચ્ચે આડા સંબંધો હોવાનું અને પતિના કથિત માનસિક ત્રાસથી કંટાળીને બંનેએ હત્યાનું કાવતરું રચ્યું હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે દિયર-ભાભી બંનેની ધરપકડ કરી હતી.

જમવાનું સારું નહીં બનાવતાં રૂમમેટે મિત્રનું ગળું દબાવ્યું

ઇચ્છાપોરના મોરા ગામની યોગેશ્વર કોલોનીમાં જમવાનું સારું નહીં બનાવવાની બાબતે થયેલી બોલાચાલીનો કરુણ અંજામ આવ્યો હતો. રૂમમાં સાથે રહેતા સોહનલાલ ગણેશલાલ અને અમરજીતકુમાર ઉર્ફે બાદલ વચ્ચે જમવા બાબતે ઝઘડો થયો હતો. આ અદાવતમાં અમરજીતકુમારે સોહનલાલનું દોરી અને હાથ વડે ગળું દબાવી દીધું હતું. બીજા દિવસે સોહનલાલ મૃત હાલતમાં મળી આવતાં શરૂઆતમાં અકસ્માતે મોતનો બનાવ નોંધાયો હતો, પરંતુ પોસ્ટમોર્ટમમાં ગળું દબાવવાથી મોત થયાનું બહાર આવતાં હત્યાનો ભેદ ઉકેલાયો હતો.

અશ્વિનીકુમાર હત્યા કેસના પાંચ આરોપીની અટક

■ રાજુ રામકિશોર સરોજ ■ રમેશ સુભાષ બિંદ ■ સાહિલ સોનકર ■ રાહુલ ગુપ્તા ■ એક અજાણ્યો ઇસમ

ડિંડોલી હત્યા કેસમાં પકડાયેલા આરોપી

૧. વિજય ઉર્ફે સોનુ દેવરાજ મૌર્યા (ઉ.વ. ૩૫, રહે., હરિહરનગર, નવાગામ, ત્રિપાઠી હોસ્પિટલની પાસે, નવાગામ, ડિંડોલી) ૨. રાહુલ દેવરાજ મૌર્યા (ઉ.વ. ૩૨, રહે., હરિહરનગર, નવાગામ, ત્રિપાઠી હોસ્પિટલની પાસે) ૩. અભિષેક ઉર્ફે અભી શિવકુમાર મૌર્યા (ઉ.વ. ૨૧, રહે. હરિહરનગર, નવાગામ, ત્રિપાઠી હોસ્પિટલની પાસે) ૪. સુમીત શિવમુરત સિંહ (ઉ.વ. ૨૧, રહે., મહાલક્ષ્મી રેસિડેન્સી, બરફ ફેક્ટરી પાસે, ગભેણી રોડ, સચિન) ૫. સુજીત ઉમાશંકર યાદવ (ઉ.વ. ૧૯, રહે.,અશ્વિની પાર્ક સોસાયટી, નવાગામ, ડિંડોલી) ૬. મહેન્દ્ર ઉર્ફે સોલે વિરેન્દ્ર મૌર્યા (ઉ.વ. ૨૧, રહે. હરિહરનગર, નવાગામ, ત્રિપાઠી હોસ્પિટલની પાસે)

લસકાણા હત્યા કેસમાં દિયર-ભાભીની ધરપકડ

શિવા ઉર્ફે શિવબાબુ મુલચન્દ્ર નિષાદ (ઉ.વ. 27, મૂળ રહે. હમીરપુર, ઉત્તરપ્રદેશ) રીનાદેવી (ઉ.વ. 29, મૃતક અમરબાબુની પત્ની, મૂળ રહે. હમીરપુર, ઉત્તરપ્રદેશ).

ટ્રાફિકની બોલાચાલીની અદાવતમાં યુવકને છરીના ઘા ઝીંક્યા

અશ્વિનીકુમાર વિસ્તારમાં ધરમનગર ચાર રસ્તા પાસે અટલજીનગર સોસાયટીમાં મોટરસાઇકલ ચલાવવા અને ફટાકડા ફોડવા બાબતે થયેલી જૂની બોલાચાલીની અદાવતે રાજેન્દ્ર સુરેશભાઈ માળીનો ભોગ લીધો હતો. માફી મંગાવવાના મામલે શેરીના નાકે થયેલી બોલાચાલીમાં આરોપીઓએ એકસંપ થઈ રાજેન્દ્રભાઈ પર હુમલો કર્યો હતો. દરમિયાન રમેશ બિંદે પેટ અને પડખાના ભાગે છરીના ત્રણથી ચાર ઘા ઝીંકી દેતાં ગંભીર ઇજાગ્રસ્ત રાજેન્દ્રભાઈનું મોત નીપજ્યું હતું. આ બનાવમાં પોલીસે પાંચ હુમલાખોરોને ઝડપી પાડ્યા હતા.

અંજીરનું વજન વધારવા ગંદા પાણીમાં પલાળતા હોવાનો આક્ષેપ

વિડીયો વાયરલ, ઊન ચંડાલ ચોકડી પાસે રોડ પર સૂકામેવાનું વેચાણ કરતાં વેપારીઓ સામે ફૂડ વિભાગે તપાસના આદેશ આપ્યા

સુરતઃ સુરતના ઊન વિસ્તારમાં આવેલી ચંડાલ ચોકડી નજીક જાહેર માર્ગ પર કાજુ, બદામ અને અંજીર સહિતના સૂકામેવાનું વેચાણ કરતાં કેટલાક વેપારીઓ સામે ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવાના અત્યંત ગંભીર આક્ષેપો ઊઠ્યા છે. તાજેતરમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વિડીયોમાં એવો ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો છે કે, નફાખોરીની લ્હાયમાં અંજીરનું વજન વધારવા માટે તેને અત્યંત ગંદા અને બિનઆરોગ્યપ્રદ પાણીમાં પલાળીને રાખવામાં આવે છે. પૌષ્ટિક ગણાતા સૂકામેવામાં આ પ્રકારની અખાદ્ય અને બેજવાબદાર પ્રવૃત્તિ સામે આવતા સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, તેમજ આ દૂષિત ખાદ્યપદાર્થોના સેવનથી ગ્રાહકોના આરોગ્ય સામે ગંભીર જોખમ ઊભું થવાની પૂરી ભીતિ સેવાઈ રહી છે.

આ સમગ્ર મામલે સુરત મહાનગરપાલિકાના ફૂડ અધિકારી ભાવેશ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, વિભાગને આ અંગે અત્યાર સુધી કોઈ સીધી કે લેખિત ફરિયાદ મળી નથી, પરંતુ સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક અસરથી તપાસના આદેશ આપી દેવામાં આવ્યા છે. ફૂડ વિભાગની ટીમ દ્વારા સ્થળ પર જઈને સઘન તપાસ કરવામાં આવશે અને જો કોઈ પણ વેપારી ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતો જણાશે, તો તેની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.

વેપારીઓ વિધિવત્ પૂજા-અર્ચના સાથે નવા વેપારી વર્ષનો પ્રારંભ કરશે

આજે લાભપાંચમથી સુરતના કાપડ બજારોમાં વેપાર ધમધમશે

રોજ છ કરોડ મીટર કાપડનું ઉત્પાદન, 20 લાખ લોકોની રોજીરોટી જોડાયેલા ઉદ્યોગના વિકાસ માટે સરકાર પાસે નીતિગત પગલાંની માંગ : ચંપાલાલ બોથરા

સુરત : દિવાળી અને ગુજરાતી નૂતન વર્ષની ઉજવણી બાદ લાભપાંચમના શુભ દિવસે સુરતના કાપડ બજારો ફરી ધમધમતા થશે. વેપારીઓ વિધિવત્ પૂજા-અર્ચના સાથે નવા વેપારી વર્ષનો પ્રારંભ કરશે. લાભપાંચમ માત્ર ધાર્મિક પરંપરા નહીં, પરંતુ નવા વેપાર, સમૃદ્ધિ અને વિકાસના સંકલ્પનું પર્વ હોવાનું CAITના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને ટેક્સટાઈલ એન્ડ ગારમેન્ટ કમિટીના રાષ્ટ્રીય ચેરમેન ચંપાલાલ બોથરાએ જણાવ્યું હતું.

સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગમાં રોજનું અંદાજે છ કરોડ મીટર કાપડનું ઉત્પાદન થાય છે. ઉદ્યોગમાં 6થી 7 લાખ પાવરલૂમ, 400 જેટલી ડાઈંગ-પ્રિન્ટિંગ મિલો, 1થી 1.50 લાખ વેલ્યુ એડિશન અને એમ્બ્રોઇડરી મશીનો, 240 જેટલા ટેક્સટાઈલ માર્કેટ, 70 હજારથી વધુ વેપારીઓ અને 80 હજાર દુકાનો કાર્યરત છે. આ સમગ્ર વ્યવસાય સાથે 18થી 20 લાખ લોકોની આજીવિકા જોડાયેલી છે. ખાસ કરીને એમ્બ્રોઇડરી, ફિનિશિંગ, પેકિંગ અને અન્ય કામગીરી દ્વારા સાડા ચાર લાખ જેટલી મહિલાઓને ઘરઆંગણે રોજગારી મળે છે.

બજારો લાભપાંચમથી ખુલશે, પરંતુ અન્ય રાજ્યોમાંથી આવતા વેપારીઓને પરત ફરતાં 10થી 15 દિવસ લાગી શકે છે.

પરિણામે બજારોમાં વેપાર ધીમે ધીમે વેગ પકડશે અને વીવિંગ ઉદ્યોગનું ઉત્પાદન પણ તબક્કાવાર સામાન્ય બનશે. બોથરાએ નવા વર્ષમાં ટેક્સટાઈલ અને ગારમેન્ટ ઉદ્યોગને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા PM મિત્રા પાર્ક, ટેક્સટાઈલ PLI, આધુનિક ટેક્નોલોજી અને નિકાસ પ્રોત્સાહનોનો લાભ નાના વેપારીઓ તથા MSME એકમો સુધી પહોંચાડવાની માંગ કરી હતી. સાથે જ અશાંતધારા કાયદાના કારણે કાપડ બજારોમાં ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવા સમીક્ષા કરવાની અને વેપારીઓ સાથે થતી છેતરપિંડી, ફર્જી પેઢીઓ તથા સાયબર નાણાકીય ગુનાઓ અટકાવવા અસરકારક પગલાં ભરવાની અપીલ કરી હતી.

યુવકો 2200 કિલોમીટર સુધી રિક્ષા ચલાવીને બિહાર પહોંચ્યા

છઠ મહાપર્વની શ્રદ્ધા, ટ્રેનમાં પગ મૂકવાની જગ્યા ન મળતા 22 હજારથી વધુ ખાનગી વાહનો ઉપડ્યા

સુરતથી ઉપડતી ટ્રેનોમાં શૌચાલયમાં બેસીને જવું પડ્યું, કોઇકે ટ્રેનમાં ચાદરનો હિંચકો બનાવી મુસાફરી કરી

સુરત : છઠ મહાપર્વની શ્રદ્ધા આગળ અંતર, ખર્ચ અને મુસાફરીની તકલીફો પણ નાની લાગી. બિહારમાં પોતાના વતન પહોંચવાની તીવ્ર ઈચ્છાએ આ વખતે પરપ્રાંતીય મુસાફરોને સામાન્ય વાહનો છોડીને જોખમી અને અલગ રસ્તા અપનાવવા મજબૂર કર્યા છે.

મળતી માહિતી મુજબ, દિલ્હી, મુંબઈ, બેંગલુરુ અને હૈદરાબાદ જેવા મોટા શહેરોમાંથી 22 હજારથી વધુ ખાનગી વાહનો બિહાર તરફ રવાના થયા છે. કાર, એસયુવી અને ટેમ્પો ઉપરાંત ઓટોરિક્ષામાં પણ લાંબી મુસાફરી કરવામાં આવી રહી છે. ચાર યુવકો લગભગ 2200 કિલોમીટર સુધી ઓટોરિક્ષા ચલાવીને બિહારના મોતીહારી પહોંચ્યા હોવાનું કહેવાય છે. દિલ્હીના ત્રણ યુવકોએ લગભગ 1200 કિલોમીટરનું અંતર 38 કલાકમાં ઓટોરિક્ષા દ્વારા કાપીને મધુબની પહોંચવાનું પસંદ કર્યું. સુરત સ્ટેશનથી જ ટ્રેનમાં પગ મૂકવાની જગ્યા ન હોવાથી મુસાફરોની હાલત કફોડી બની હતી. સુરતથી પટના જઈ રહેલા એક મુસાફરને ડબ્બામાં બેસવાની જગ્યા ન મળતા તેણે પોતાની ચાદર બાંધીને ઉપર હિંચકો બનાવ્યો અને તેમાં બેસીને મુસાફરી શરૂ કરી. ડબ્બામાં ભીડ એટલી વધારે છે કે મુસાફરો માટે ચાલવું કે શૌચાલય સુધી પહોંચવું પણ મુશ્કેલ બન્યું છે,

ગોડાદરામાં ફૂલવિક્રેતાને બાઈક પર બેસાડી ચપ્પુના ઘા ઝીંકી રૂપિયા 15 હજારની લૂંટ

નિર્જન સ્થળે લઈ જઈ જાંઘમાં છરી ઝીંકી અને બચાવ કરવા જતા યુવકની આંગળી કપાઈ

સુરત : ગોડાદરામાં રેલવે સ્ટેશન લઈ જવાના બહાને બાઈક પર બેસાડેલા ફૂલવિક્રેતા યુવકને બે શખ્સોએ નિર્જન સ્થળે લઈ જઈ ચપ્પુના ઘા ઝીંકી રૂપિયા 15 હજારની લૂંટ ચલાવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ ઉત્તરપ્રદેશના બલિયા જિલ્લાના વતની અને હાલ ઓલપાડના કરંજ ટોલગેટ પાસે આવેલા વિકાસ એપાર્ટમેન્ટમાં રહેતા 27 વર્ષીય કન્હૈયાકુમાર જનાર્દન સૈની વરાછા વિસ્તારમાં ફૂલ વેચવાનો વ્યવસાય કરે છે. ગત તા. 9 નવેમ્બરના રોજ વહેલી સવારે તેઓ વરાછાના અશ્વિનીકુમાર રોડ પર આવેલા ફૂલમાર્કેટમાં જવા માટે લક્ઝરી બસમાં સુરત આવ્યા હતા. સવારે આશરે પોણા પાંચ વાગ્યે સરદાર માર્કેટ પાસે ઉતર્યા બાદ તેઓ વરાછા જવા માટે રિક્ષાની રાહ જોઈ રહ્યા હતા.

દરમિયાન સ્પ્લેન્ડર મોટરસાઈકલ પર આવેલા બે અજાણ્યા ઈસમોએ તેમની પાસે આવી વાતચીત શરૂ કરી હતી. કન્હેયાકુમારે રેલવે સ્ટેશન જવા માટે રિક્ષા અંગે પૂછતાં બાઈકચાલકે પોતે પણ સુરત સ્ટેશન જતો હોવાનું કહી તેમને વચ્ચે બેસાડી દીધા હતા. જોકે, સ્ટેશન તરફ જવાને બદલે બંને ઈસમો બાઈકને અજાણ્યા અને અંધારિયા રસ્તા તરફ લઈ જવા લાગ્યા હતા. બાઈક પૂરઝડપે હંકારી ગોડાદરાના દખ્ખણવાડા ગામમાં દાદાની વાડી પાસે આવેલા અવાવરૂ જાહેર રસ્તા પર લઈ ગયા હતા. ત્યાં બાઈકચાલકે યુવકની ડાબી જાંઘમાં ચપ્પુનો ઘા ઝીંક્યો હતો. ત્યારબાદ બંનેએ ભેગા મળી યુવકના ખિસ્સામાંથી રૂપિયા 10 હજાર રોકડા અને રૂપિયા 5 હજારની કિંમતનો રેડમી મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા 15 હજારની મત્તા લૂંટી લીધી હતી.

લૂંટ બાદ આરોપીઓએ વધુ કિંમતી વસ્તુઓની માંગણી કરી કમરના ભાગે ચપ્પુ મારવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે કન્હેયાકુમારે બચાવ માટે હાથ આડો ધરતાં તેમના ડાબા હાથની છેલ્લી આંગળી પર ચપ્પુ વાગતાં આંગળી કપાઈ ગઈ હતી. યુવકે બૂમાબૂમ કરતાં બંને લૂંટારુઓ બાઈક લઈને ફરાર થઈ ગયા હતા.

ઈજાગ્રસ્ત કન્હેયાકુમાર નજીકના રહેણાંક મકાનમાં પહોંચ્યા હતા અને મદદ માગી હતી. સ્થાનિક રહીશે પોલીસ કંટ્રોલ રૂમમાં 112 નંબર પર જાણ કરતાં પોલીસની ટીમ અને 108 એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે દોડી આવી હતી. ત્યારબાદ યુવકને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે ગોડાદરા પોલીસે ગુનો નોંધી પોલીસ ઈન્સ્પેક્ટર વિજયકુમાર બાબુભાઈ ગોહિલ અને તેમની ટીમે બંને અજાણ્યા લૂંટારુઓને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.

પાલમાં હોટલમાંથી જમીને બહાર નીકળેલા વેપારીની સોનાની ચેઈન આંચકી સ્નેચર ફરાર

સુરતઃ પાલ-અડાજણ વિસ્તારમાં મોડી રાત્રે ચેઈન સ્નેચિંગની ઘટના સામે આવી છે. કિંગસ્ટન સોસાયટીમાં રહેતા ૨૫ વર્ષીય ડ્રાયફ્રૂટના વેપારી અભિનવ બાગરેચા ગત ૯ નવેમ્બરની રાત્રે પરિવાર સાથે પાલ સ્થિત 'થ્રી સેવેન્ટી' (370) હોટલમાં જમવા ગયા હતા. રાત્રે સવા અગિયારથી પોણા બાર વાગ્યાની આસપાસ જમીને બહાર નીકળ્યા બાદ, તેઓ હોટલ સામે પાર્ક કરેલી પોતાની કારમાં બેસવા જઈ રહ્યા હતા. આ દરમિયાન સિગ્નેચર બિલ્ડિંગ તરફથી મોપેડ પર પૂરઝડપે આવેલો અજાણ્યો શખ્સ અભિનવભાઈના ગળામાંથી અઢી તોલાની અંદાજે ૩ લાખની કિંમતની સોનાની ચેઈન આંચકી ફરાર થઈ ગયો હતો. વેપારીએ કાર લઈને તસ્કરનો પીછો કર્યો, પરંતુ તે સંજીવ કુમાર ઓડિટોરિયમ ચાર રસ્તા તરફ અંધારામાં ગાયબ થઈ ગયો હતો. આ મામલે અડાજણ પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી છે.

કોર્ટમાં સેલ્સ ટેક્સ પેઢીના માલિકની ઓળખ જ સાબિત ન કરી શક્યું

અધિકારીઓની બેદરકારીઃ ખોટા સરનામે નોટિસ ચોંટાડી, સાક્ષી ફરી ગયાં

સુરતઃ ગુજરાત સેલ્સ ટેક્સ વિભાગના અધિકારીઓની ગંભીર અને શરમજનક લાપરવાહીના કારણે ૧.૩૩ કરોડથી વધુની માતબર રકમની વસૂલાત માટે ફટકારેલી નોટિસની અવગણના કેસ કાનૂની પ્રક્રિયાના છબરડાને કારણે સુરતની કોર્ટે કેસના આરોપી સંજય બાલુભાઈ શર્માને નિર્દોષ જાહેર કર્યો હતો. નાણાવટ પ્રતીક આર્કેડ ખાતે 'મેસર્સ સિદ્ધી ટેક્સટાઈલ' નામની યાન રીસેલની પેઢી ધમધમતી હતી. ૨૮ ઓક્ટોબર ૨૦૦૫ના રોજ સેલ્સ ટેક્સ વિભાગે દરોડો પાડી કુલ રૂ.૧,૩૩,૯૭,૮૬૩ની જંગી ડિમાન્ડનો આકારણી ઓર્ડર કાઢ્યો હતો. આ ટેક્સ ભરવા માટે ૧૨ જૂન ૨૦૦૯ના રોજ કલમ ૫૯ હેઠળ ફોર્મ ૪૫-બી માં નોટિસ ફટકારવામાં આવી હતી. પરંતુ વેપારીએ આ રકમ ન ભરતા, વિભાગે પેઢી માલિક વિરુદ્ધ ગુજરાત સેલ્સ ટેક્સ એક્ટની કલમ ૭૫(૧)(એચ) હેઠળ ફરિયાદ કરી હતી. આ કેસમાં આરોપી તરફે એડવોકેટ અજય વેલાવાળાએ બચાવ કર્યો હતો. કોર્ટે પોતાના ચુકાદામાં સ્પષ્ટ કર્યું કે, આ કેસ ટેક્સ વસૂલાતનો નહીં પરંતુ વૈધાનિક નોટિસના અનાદરનો હતો. જ્યારે વિભાગ પાયાની નોટિસ જ કાયદેસર રીતે અને યોગ્ય સરનામે બજાવવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયો હોય, ત્યારે કલમ ૭૫(૧)(એચ) હેઠળ ગુનો કેવી રીતે સાબિત થઈ શકે?

સૌથી મોટો છબરડો તો એ હતો કે સેલ્સ ટેક્સ વિભાગ પાસે એવું કોઈ નક્કર પુરાવો કે 'શોપ એન્ડ એબ્લિશમેન્ટ લાઇસન્સ' નહોતું, જેનાથી એ સત્તાવાર રીતે સાબિત થઈ શકે કે જેની સામે કેસ કર્યો છે તે સંજય શર્મા જ પેઢીનો અસલી માલિક (પ્રોપ્રાઈટર) હતો. જેમણે નોટિસ બજાવ્યાનો દાવો કર્યો હતો તે સાક્ષીએ ઉલટતપાસમાં કબૂલવું પડ્યું કે તેઓ ક્યારેય નોટિસ બજાવવા ગયા જ નહોતા. કેસના ફરિયાદીએ તપાસ અધિકારીને તપાસમાં સહકાર આપવાને બદલે 'રોજકામ' અને 'પંચનામા' જેવા મહત્ત્વના દસ્તાવેજો સીધા જ ટ્રાયલ દરમિયાન કોર્ટમાં રજૂ કરી દીધા હતા.

સેલ્સ ટેક્સ વિભાગનાં છબરડા

સેલ્સ ટેક્સ વિભાગના ઇન્સ્પેક્ટર (જે ફરિયાદી પણ હતા) યાકુબભાઈ વાડીવાળાએ કાયદેસરની નોટિસ જે સરનામે મોકલવાની હતી કે જ્યાં વેપારી રહેતો હતો અથવા ધંધો હતો (જેમ કે ૩૧૦-બી, પ્રતીક આર્કેડ અથવા ૪૦૫, રતિરંગ પેલેસ), તેના બદલે એકદમ અસંબંધિત અને બિનનોંધાયેલ 'પ્રોપર્ટી નંબર ૧૦૭' પર નોટિસ ચોંટાડી દીધી હતી. મિલકત વેચાઈ ગઈ હોવાની અધિકારીઓને ખબર પણ હતી, છતાં તેમણે આરોપીને સાચા સરનામે નોટિસ બજાવવા માટે કોઈ જ જહેમત લીધી નહીં.